રચનાર
જમનાશંકર દયાશંકર પંડ્યા.

ફજેત પકડ માધવ મહારાજ.

પ્રસિદ્ધ કર્તા.
પુસ્તક પ્રકાશક મંડળી. ખંભાત.
સંવત ૧૯૫૦—સને ૧૮૯૪

માધવ મહાત્મ.

એટલે

દિવાન બહાદુર માધવરામ હરીનારણ ખંભાત
રાજયના દિવાન થયા તે સમયનું વર્ણન.

રચનાર

જમનાશંકર દયાશંકર પંડયા

પ્રગટ કર્તા

પુસ્તક પ્રકાશક મડળી—ખંભાત.

અમદાવાદ

'યુનિયન' પ્રિન્ટિંગ પ્રેસ.

સંવત ૧૯૫૦. સને ૧૮૯૪.

૫૯૩૧

માધવ મહાત્મ.

ઇશ્વર સ્તુતિ.

રાગ કલ્યાણ.

નમું પરેશ્વરા, પ્રભુ ભગત બીડ હરા,
કાપી દુઃખ આપી સુખ ટાળને જરા.
છો જગવંદન, ભવ દુઃખ ભંજન, અસુરનીકંદન આપ,
પ્રેમ ધરી પડું પાય પંકજે, પ્રભુ પ્રજાળો પાપ. નમું૦
તોયધીના તટપર આવેલું, સ્થંભ તીર્થ છે શ્હેર,
ઝાફરઅલ્લી રાજ્ય કરે જ્યાં, પૂર્ણ પ્રભુની મ્હેર. નમું૦
પ્રધાન પદ્દી તે પુર માંહે, પામ્યા માધવરામ,
વૃદ્ધ, તરૂણને બાળક જન પણ હરખ્યાં તેથી તમામ. નમું૦
રંક હાથમાં રત્ન આવતાં, આનંદે ઉભરાય,
સ્થંભપુરના લોકોને પણ અંગ ઉમંગ ન માય. નમું૦
તરીયા તોરણ દ્વારે બાંધ્યાં, આજ સર્વને ઘેર,
મંગળ શબ્દો કર્ણ પડેને, સઘળે લીલાલ્હેર. નમું૦
હર્ષ જણવવા નગ્રવાસીનો, આજ ધરૂં દીલમાંય,
ગજુ નથી પણ કાર્ય આદરૂં, વીશ્વપતિ દ્યો સ્હાય. નમું૦

કુંડળીઓ.

પ્રધાન પદ્દી પામીયા, શાણા માધવરામ,
ખબર સુણી ખંભાતની, હરખી પ્રજા તમામ;
હરખી પ્રજા તમામ, વૃદ્ધ બાળકને તરૂણો,
ધન્ય માસ એપ્રીલ, અરાઢસેં ચોરાણુનો;

જે પચ્ચીસમી તારીખે, શોક સર્વના વામીયા,
શાણા માધવરામજી, પ્રધાન પદ્વી પામીયા.

દોહરો.

પૂર્ણ ચંદ્રને જોઇને, ચકોર હરખે જેમ;
સ્થંભપૂરના વાસીયો, આજે હરખ્યા એમ.

ગઝલ.

(તકદીર હુમારે ઇનદીનો કૈસે બદલ ગઈ) એ રાહ.

નવાબ ઝાફરઅલ્લી ઠીક આ કૃતિ કરી,
આ સ્થંભતીર્થ વાસીને કૃપા ઘણી કરી. નવાબ.
પ્રધાન પદ્વી પાત્રને વિચારીને દીધી,
ગુણીન તેથી ગુણની પીછાણુ તેં કરી. નવાબ.
શ્રીમંત રંક સર્વ તો હવે થશે સુખી,
આશીષ આપશે અતિ તુને દીલે ધરી. નવાબ.
ચલાવશે ચતુર ચોંપ રાખી રાજ્યને,
સમુળ નાશ પામશે ખરાબી તો ખરી. નવાબ.
પ્રજાનું હીત આપ હરઘડી દીલે ધરો,
આયુષ્ય લાંબુ આપજો તુને શ્રી નરહરી. નવાબ.

દોહરા.

માધવ એકજ સાંભળ્યો, નંદ કુંવર સુખધામ;
બીજો આજે નીરખાયો, દિવાન માધવરામ.
શ્રી વત્સ લાંચ્છન કૃષ્ણને, એટલી ખામી અંગ;
એ ખામી આને નહિ, આ માધવને રંગ.

દર્શણ કોને દે નહિ, કૃષ્ણ ધરી મન ગર્વ;
આ માધવનું માર્ગમાં, દર્શણ કરતા સર્વ.
કાર્ય સાધવા કૃષ્ણજી, કપટ કરે કો વાર;
આ એવું કરતો નથી, લક્ષણ ઉંચા સાર.

ગરબી.

શ્હેર ખંભાત સારૂં સોહામણું,
જયાંછે પરમ પ્રભુજીની મ્હેર. ઝાફરઅલ્લી જીવજો.
રૂડા નેકી નવાબના રાજ્યથી,
આજ આનંદ સર્વને ઘેર. ઝાફરઅલ્લી જીવજો.
રાખી હૈડામાં બીક હરી તણી,
કરે રાજ્ય ઝાફરઅલ્લીખાન. ઝાફરઅલ્લી જીવજો.
એના રાજ્યમાં કોઇ દુઃખી નહી,
પાળે પ્રજાને પુત્ર સમાન. ઝાફરઅલ્લી જીવજો.
જાણે ખૂબ ચતુર ગુણી તણી,
કેમકે એ પોતે ગુણવાન. ઝાફરઅલ્લી જીવજો.
ખોળી ગુણ એણે ખરી ખાંતથી
કીધા માધવરામ દિવાન. ઝાફરઅલ્લી જીવજો.
પૂરી પારખી કાઢી પ્રવીણતા,
જોઈ રૂડું રેવન્યુનું કામ. ઝાફરઅલ્લી જીવજો.
એના કાજમાં ખામી દીઠી નહી,
ત્યારે સોંપ્યું દીવાનનું ઠામ. ઝાફરઅલ્લી જીવજો.
રાજ્ય ચલાવશે રૂડી રીતથી,
થાય આનંદ આજ અપાર. ઝાફરઅલ્લી જીવજો.

એની સાંભળીછે ઘણી નામના,
રૂડું કીધું શાણા સરકાર. ઝાફરઅલી જીવજો.
આજ હર્ષ હૈડા માંહી ઉલ્લટયો,
ઘણા લોક ઉજાણીએ જાય. ઝાફરઅલી જીવજો.
કોઇ દેછે માતાને વધામણાં,
કોઇ ભેળાં મળી ગીત ગાય. ઝાફરઅલી જીવજો.
જાણે દીવસ હોય દીવાળીનો,
તેમ ખાવું પીવું ખુબ આજ. ઝાફરઅલી જીવજો.
આજ આનંદમાં દિન ગાળવો,
આજ ધંધાનું કરવું ન કાજ. ઝાફરઅલી જીવજો.
દ્વારે દ્વારે તોરણ રૂડાં બાંધીયાં,
કરે લોક આજે લીલાલ્હેર. ઝાફરઅલી જીવજો.
એનું રૂડું પ્રધાનવટુ રહે,
માગું એજ પ્રભુ કરી મ્હેર. ઝાફરઅલી જીવજો.
યાચું ઇશ્વર પાસ હું એટલું,
પ્રૌઢ એમનો થાય પ્રતાપ. ઝાફરઅલી જીવજો.
કહે જમનાશંકર જગદીશને,
આપો એજ કૃપા કરી આપ. ઝાફરઅલી જીવજો.

મીજલસ વર્ણન.

લાવણી.

થઈ આજે લીલા લ્હેર, સર્વને ઘેર,
પ્રભુએ મ્હેર કરી આવારે.
ધન્ય ધન્ય આજનો દીન, હર્ષ દીલ ભારે. ટેક.
શી ભરાઈ આ દરબાર, શોભાનો પાર,

મળે ન લગાર અરે આ સ્થળમાં
જોતાં દીલગીરી દૂર થાય એક પલમાં.
ધરી સુંદીર વસ્ત્રો તન, ભરાયા જન,
હર્ષછે મન સર્વ દીલ ભારી.
વરણુવતાં આ દેખાવ જાય મતી હારી.
જેમ હોય ઇંદ્રનું ધામ, શોભતું આમ,
બેઠકનું ઠામ ભપકતું ભારે.
ધન્ય ધન્ય આજનો દીન હર્ષ દીલ ભારે. ૧
છે દીલ સર્વનું સ્વસ્થ, ભરાયા ગ્રહસ્થ,
રાખીને હસ્ત અદબથી આજે.
જ્યાં ઝાફરઅલીખાન નવાબ બીરાજે.
સુંદીર તખતા તસવીર જુઓને વીર,
ધરીને ધીર ઘણી દીલમાંહી.
શો ઝુમરનો ચળકાટ ખામી નહી કાંઇ.
શો સુંદીર વાયે સમીર, રહે નહિ સ્થીર,
ઘડીએ વીર હાંડીને ગોળા.
તે ધીમે ધીમે ખાય પવનથી ઝોળા.
જેમ હોય સ્વર્ગના સુર, સર્વ પર નુર.
તેમ ભરપુર દીસે આ વારે
ધન્ય ધન્ય આજનો દીન હર્ષ દીલ ભારે. ૨
ઇન્દુને જોઇ ચકોર, વાદળે મોર,
વીણાનો સોર સુણી મૃગ હરખે.
તેમ સદ્ગૃહસ્થોને જોઈ મુજ મન મલકે.
શ્રી ઝાફરઅલીખાન, રીડ ગુણવાન,
અને દીવાન આદી સૌ મળીઆ.

કેનડી ફોર્ડસાહેબ આદી પણ ભળીઆ.
જ્યાં મળ્યા સર્વ અધીકારી, ભાવથી ભારી,
હર્ષ દીલ ધારી આ સ્થળે શોભે.
જેમ કુંદન માંહી રત્ન જડેલાં ઓપે.
લઈ પાન સોપારી સાર, ધરીને હાર,
કરો પોકાર વીજયનો ત્યાંરે.
ધન્ય ધન્ય આજનો દીન હર્ષ દીલ ભારે. ૩
નીમાયા માધવરામ, દીવાનને ઠામ,
કહો આ કામ થયુંછે કેવું.
સર્વેના દીલમાં હર્ષ વ્યાપશે એવું.
ધરજો સઉ હીમત ઉર, ખરે ભરપુર,
સર્વ દુઃખ દૂર તમારૂં થાશે.
જેમ તીમીર પામે નાશ દીન મણી પાસે.
દીન બંધુ દીનાનાથ, જોડીને હાથ,
કરૂંછું વાત આપને આજે.
જયાં સુધી તખ્તપર ઝાફરઅલી બીરાજે.
કહે જમનાશંકર આજ, પ્રભુ મ્હારાજ,
ત્યાં સુધી રાજય રહો સુખમારે.
ધન્ય ધન્ય આજનો દીન હર્ષ દીલ ભારે. ૪

લાવણી.

દરબાર પાસ આહાર ઉભીછે સ્વાર તણી ભાલાધારી.
આ સુંદીર દેખાવ જુઓને દૂર થકી દીપે ભારી.
વીજય શબ્દથી ટકોરખાનું તડી તડી ધીમ ધીમ નાદ કરે.
પોલીસ દળપણ જમાદારની આજ્ઞાને અનુસાર ફરે.

રાતા પીળા ઉડે વાવટા શોભા આ થઇછે સારી.
આ સુંદીર દેખાવ જુઓને દુર થકી દીપે ભારી. ૧
નીશાન પરજે ઉડે વાવટો, વીજય નીશાની તે જણુવે.
દવાખાનું ને ત્રણ દરવાજા તણો બુર્જ પણ જય સુચવે.
સરસ નવીન પોશાક ધરીને મારગપર માણુસ જાયે.
શોક સર્વ જન ભુલી ગયાને હર્ષ સર્વ જનને થાયે.
ઠામ ઠામ વાજીત્ર નાદનો સુર સુણાયે સુખકારી,
આ સુંદીર દેખાવ જુઓને દુર થકી દીપે ભારી. ૨
એક મેકને ઘણા મનુષ્યો સામા સ્હામી સ્વાલ કરે
ધન્ય દીનછે ભાઇ આજનો, કેમ ગાળવો તેહ અરે,
કોઈ કહેછે કરો ઉજાણી, કોઇ કહે મીજલસ કરીએ.
સ્ત્રીઓ કહેછે ચાલો બેની, ભેગાં થઈ ગરબે ફરીએ.
જમનાશંકર કહે વરણુવા, મતી જેમ પહોંચી મારી.
તેમ કહ્યુંછે ભુલ હોયતો, સજ્જન લેજો સુધારી. ૩
જોઇન્ટ એડમીનીસ્ટ્રેશન ગયા પછી પ્રજામાં જણાતો હર્ષ?

વસંતતિલકા વૃત.

ન્યાયી નૃપાળ નર ઝાફર અલ્લીખાન,
જેને દિયે પુર પ્રજા નીશદીન માન.
એડિમનીસ્ટ્રેશન બ્રીટીશનું પુરૂ થાયે;
આનંદ નગ્ર જનને ઉર ઉભરાયે. ૧
નીહાળિ સુર્ય પટ પંકજ જેમ ખૂલે,
સંગીત નાદ સુણીને મૃગભાન ભૂલે.
ડુલ્યા અથાગ જન હર્ષ સમુદ્ર માંહે.
આનંદ નગ્ર જનને ઉર ઊભરાયે. ૨

ફરતા બધે પુરજનો ધરીને ઉમંગ,
ગાતાં મધુર તરૂમાં રહીને વિહંગ.
માંગલ્ય શબ્દ સરવે સ્થળ ઉચરાયે.
આનંદ જનને ઉર ઉભરાયે, ૩
શું આ નમે નૃપતિને શુભ વૃક્ષ શાખા ?
કે શું ? કરે ચમર આ ચહીને પતાકા ?
સુગંધી ખુબ ધરી મંદ સમીર વાયે.
આનંદ નગ્ર જનને ઉર ઊભરાયે. ૪
પીળા લિલા નવિન રંગીન ડ્રેસ પ્હેરી,
ઝાલી સુપુષ્પ કરમાં ફરતા લહેરી.
સંગીત નાદ મધુરો મધુરો સુણાયે.
આનંદ નગ્ર જનને ઊર ઊભરાયે. ૫
આ ઠામ ઠામ ફરકે શુભ વાવટાઓ,
રસ્તે થયો જળતણો વળી છંટકાવ.
આ તોપ બ્હાર થકી હર્ષ બધે જણાએ;
આનંદ નગ્ર જનને ઉર ઉભરાયે. ૬
ખીલેલ કુસુમપરે ફરતા મધૂપ.
વાડી જળાશય તણી રચના અનૂપ,
તારૂણી સુધરઇનો ભરાયે ભપકો.
આનંદ નગ્ર જનને ઉર ઊભરાયે. ૭

દોહરો.

નવાબ ન્યાયી જીવજો, ઝાફરઅલ્લીખાન.
સૂર્ય શશી રહે ત્યાં સુધી, સદાય પામો માન.

ગજલ.

(દીલ બશરકો ફેર બ્હેલાના ચાહીએ) એરાહ.

લહેર સારે શહેરમેં ઉડી રહી.
સબકે દીલસેં ગમગની દૂર હો ગઈ. લહેર.
જોઈન્ટ કારોબારથા દો શાલસેં;
તકલીફ ઉન્કી ઇનદીનો દુર હો ગઈ.
ગાના બજાના સબ જગે ચાલુ હુઆ
બાગુમે કયા જયાફતો ચલતી હુઇ.
જુવાન ચલતે ડ્રેસ અચ્છે પહેનકે,
બાઝાર મેં કયા સબ જગેં ગીરદી હુઇ,
હાકમ હુમારાકી બઢાઓ જીંદગી,
અર્જ સબ રૈયતકી આજ એૈસી હુઇ.
ખુશ ખુશાલી શહેરમેં ખુબ હો રહી,
એૈસી જમનાદાસને ગાઈ હુઇ.

ન્યાયાધીશ શેઠ મેહેરવાનજી પેસ્તનજી બી. એ. એલ.
એલ. બી. તેમના અદલ ઇનસાફ વિષે.

ગરબી.

(માલણ ગુંથી લાવ ગુણીયલ ગજરો) એ રાહ.

સજ્જન સુણો સ્નેહથી વાત સારી.
મહેરવાનજીની દીલ પ્યારી. સજ્જન૦

આજ અદલ સુણ્યો અધીકારી.
દેછે ન્યાય વિવેક વિચારી.
બેઠો મુનસફનું પદ ધારી, સજ્જન૰
એતો ન્યાય ચુકાવેછે નેટ,
એના અદલ ઈનિસાફની હેઠ,
પ્રજળેછે પાપીઓનું પેટ. સજ્જન૰
મહેરવાનજી શેઠછે નામ
જેને સર્વ કરેછે સલામ.
લુચ્ચા લોક ત્રાસેછે તમામ. સજ્જન૰
મેંતો જોયું ખરી કરી ખોજ,
એતો ન્યાય અદલ દીયે રોજ.
જેમ વિક્રમરાયને ભોજ. સજ્જન૰
રાખે પ્રેમ પ્રજા પર પર્મ,
જાણી લેછે પાખંડીનો મર્મ.
ખરેખાત એછે બીજો ધર્મ. સજ્જન૰
એના ન્યાય આસનની સમક્ષ,
નેક ન્યાય ઉપર રહે લક્ષ.
પડે પીડ પાપીને પ્રત્યક્ષ. સજ્જન૰
સત્યવાદી થયા બહુ વીર.
હરીશ્ચંદ્ર અને રઘુ વીર.
તેમ આ, પણ ગુણી ગંભીર. સજ્જન૰
એની રામ જેવી રૂડી રીતી.

પ૯૩૧

વળી ન્યાય આસન પર નીતી.
તેથી રાખે પ્રજા જન પ્રીતી. સજ્જન॰
૩એ દુષ્ટ તણું માત તાત.
સુખી સર્વ સજ્જન તણો સાથ.
કોનો ચાલે નહિ પક્ષપાત. સજ્જન॰
કહે જમનાશંકર જગદીશ.
ભગુભાઈ નમાવીને શીશ.
રહો હમેશ એ ન્યાયાધીશ. સજ્જન॰

રા. રા. પરમકૃપાળુ માધવરામ ભાઇને વિનતિ.

મરાઠી સાખી.

ન્યાય ખડગને કરમાં સાહી, સર્વ અનીતી ટાળો.
સત્ય ક્ષમા રૂપી ભૂષણ ધારી, પુર પ્રજાને પાળો.
કરશે સ્હાય હરી રહેજે ધર્મનું ધ્યાન ધરી.
પૂર પ્રજાને ગણી પુત્ર સમ પિતા સમીધર પ્રીતી.
દુષ્ટ જનોનો ત્રાસ નિવારી, ટાળ અસત્ય અનીતી.
કીર્તી સદા વધજો, તારા શત્રુ નાશ થજો.

प्रेमाशीर्वाद.

(છે જનપાલક ટાલક દુઃખનો) એ રાહ.

છો સુખકારક તારક ભવથી (૨)
હસ્ત ઉભય ધરી હું નમું.
ચંદન સર્વાંગે લેપ કરી પુર્ણ કૃપા મન માંહી ધરી.
ભકતોનાં દુઃખ લેતી હરી દર્શન ચીત્ત સદા ચહું. છો.
બેઠીછે ખડગ ત્રીશુળ ધારી, શાર્દુલપર તેં કરી છે સ્વારી.
પેરી કંઠે મુકતા માળ, કોટીક સૂર્ય સમુછે ભાળ.
મંદીર દીસે ઝાકઝમાળ, વર્ણન મુખથી શું કરૂં. છો.
ભરચો યનમાં દીસો બાળી, ગજમુકતાની ધરીછે વાળી.
વીધ વીધના ધરીયા શણગાર શોભા દીસે અપરંપાર.
વાગે નેપુરનો ઝમકાર શીશ ચરણમાં હું ધરૂં. છો.
માજી મુજ ઉપર મેહેર કરો.
મુજ પામરની સૌ પીડ હરો.
નવાબ ઝાફર અલ્લીખાન તેના માધવરામ દિવાન.
કરો તેમને આયુષ્યવાન, કહે જમનો માગું એટલું. છો.

દોહરો.


બોર અજ્ઞાં સવરી તણાં, ભાવ ધરી ભગવાન.
લઘુ ગ્રંથ સ્વીકારશો, તેમજ કૃપા નિધાન.

રાજા બાહાદુર ઝાફરઅલ્લીખાનના હાથ નિચે રાજ્ય કેવું ચાલેછે.

જાળી પ્રબંધ.

મદીરા છંદ.

રાજ કરે નીત શાણપણે નીતિથી અળગો નહિ થાય જરા.
રાજ યથા મતિથી ચલવે નહિ ચીત્ત ફૂલાય સુણી મજરા.
રાજમણી સહુ રાજવીમાં ધરતો કર ન્યાય તણા ગજરા.
રાજ ગણાય શશી પખ શુકલ સમું ચઢતું દી હરેક જરા.



છપાઇ બહાર પડશે.

ભર્તૃહરી.

રસિક રમુજી નોવેલ.

અગાઉથી ગ્રાહક થનાર પાસેથી

કીંમત બાર આના.

ઉપરનું પુસ્તક થોડી મુદતમાં બહાર પડશે. તેમાં શૃંગાર, નિતિ, વૈરાગ્ય, વિષે સારી રીતે દરશાવેલ છે જે દરેક સ્ત્રી પુરૂષોને મનન કરવા યોગ્ય છે તાકીદે નામ નોંધાવી અમુલ્ય તકનો લાભ લેવા કૃપા કરવી.

પ્રસિદ્ધ કર્ત્તા.

પુસ્તક પ્રસારક મંડળીના મેનેજર.

બુકસેલર. ભગુભાઇ પ્રેમચંદ ખંભાત.